**માલપુરના મે.પ્રીન્સીપાલ સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, માલપુર .**

**ક્રી.કે.નં.૫૧/૨૦૨૬**
**આંક–૧૬**

**ફરીયાદી–** શ્રી સરકાર

**//વિરુધ્ધ//**

**આરોપીઓ–** (૧) રમણભાઈ પુજાભાઈ પટેલ,
(૨) કલ્પેશભાઈ રમણભાઈ પટેલ.
રહે.ભેમપુર, તા.માલપુર,જી.અરવલ્લી.

**ગુન્હો–** બી.એન.એસ કલમ– ૧૧૫(૨),૧૨૫(એ),૨૯૬(બી),૭૬, ૩૫૧(૨,૩),૫૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબ.

---

**–:: કમીટલ હુકમ ::–**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ઉપરોકત જણાવેલ આરોપીઓ વિરૂધ્ધ માલપુર પોલીસ સ્ટેશન ધ્વારા બી.એન.એસ.કલમ–૧૧૫(૨),૧૨૫(એ),૨૯૬(બી),૭૬, ૩૫૧(૨,૩),૫૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબના ગુનાનું અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ. જે ચાર્જશીટ ફોજદારી કેસ તરીકે રજીસ્ટર થઈ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ રાખેલ છે. તેમજ આરોપીઓ અત્રેની કોર્ટ રૂબરૂ હાજર થયેલ હોય તેઓને સદરહું ગુન્હાના કામનાં ચાર્જશીટની તમામ નકલો

બી.એન.એસ.એસની કલમ– ૨૩૧ મુજબ વિના મુલ્યે આપવામાં આવેલ છે.  આરોપીઓ દ્વારા પુરસીસ આપી જાહેર કરેલ છે કે તેઓ સેશન્સ અદાલતમા બચાવ કરવા સ્વખર્ચે વકીલ રોકવા માંગે છે. વધુમાં આરોપીઓના જામીનદારોએ નામ.સેશન્સ કોર્ટમાં પણ જામીનદાર તરીકે ચાલુ રહેવા માટેની પુરસીસ  રજૂ રાખેલ છે. આરોપીઓ સામે આક્ષેપિત ગુન્હાની કલમો જોતાં આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા નામદાર સેશન્સ  અદાલતની હોઈ આરોપીઓના જરૂરી નિવેદનો લઈને આ કામમાં સામેલ રાખીને સદર કેસ નામદાર  સેશન્સ કોર્ટને કમીટ કરવા સંબંધી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–::હુકમ ::–**

૧. આથી બી.એન.એસ.એસની કલમ ૨૩૨ અન્વયે અત્રેની કોર્ટમાં પેન્ડીંગ પોલીસ તપાસના ચાર્જશીટનો ક્રિમીનલ કેસ નં.૫૧/૨૦૨૬  ઈન્સાફી કાર્યવાહી માટે માનનીય સેશન્સ અદાલત, મોડાસા તરફ કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદરહુ  કેસનું તમામ રેકર્ડ તથા પ્રોસીંડીંગ્સ  વિગેરે માનનીય સેશન્સ અદાલત મોડાસા તરફ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. સદરહુ કેસ કમીટ કર્યાની જાણ જીલ્લા સરકારી વકીલશ્રીનાઓને કરવી.

– હુકમ આજરોજ તારીખ ૦૯ માહે–જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**તા.૦૯/૦૭/૨૦૨૬**
**સ્થળ : માલપુર**

**(કે.બી.પરમાર)**
**પ્રિન્સિપાલ સિવિલ જજ અને**
**જયુડીશ્યલ મેજી.ફ.ક,માલપુર**
**(જજ કોડ જીજે.01710)**